

# સ્વામિનારાયણ ભગવાનનું વરદાન સાકાર થઈ રહ્યું છે...!

**વિક્રમ** સંવત ૨૦૭૩ની વસંતપંચમી, 'શ્રી શિક્ષાપત્રી' જયંતી તથા ગુરુહરિ શાસ્ત્રીજીમહારાજના મંગલપ્રાગટ્યની શુભ તિથિએ અમદાવાદના શ્રી ઉપાસના ધામમાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ સહજાનંદસ્વામીમહારાજ પોતાના ધામ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદસ્વામી તથા અનાદિ મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદસ્વામી સાથે બિરાજ્યા. બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજ, બ્રહ્મસ્વરૂપ જાગાસ્વામીજી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજ સાથે વિઘ્નવિનાયક શ્રી ગણપતિમહારાજ અને કષ્ટભંજક શ્રી હનુમાનજીમહારાજ પણ બિરાજ્યા. મંગલ પ્રભાતે શ્રી ઠાકોરજીમહારાજ, ગુણાતીત સ્વરૂપો તથા શ્રી દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠાવિધિ પશ્ચાત્ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીમહારાજની દિવ્ય સંનિધિમાં શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજ પ્રાણપ્રતિષ્ઠા મહાપર્વ સત્સંગસભા યોજાઈ. સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે આ મહાસભામાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રી, સ્વામીશ્રી અધ્યાત્માનંદજી, પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા, સતીશભાઈ ચતવાણી, જગતભાઈ કિલ્લાવાલા, વાસુદેવભાઈ પટેલ, કુલપતિશ્રી ડૉ. એમ. એન. પટેલ, કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ, ડૉ. મનોજભાઈ સોની સહિત અનેક પૂજ્ય સંતો તથા ગણમાન્ય મહાનુભાવો પધાર્યા.

> "ભગવાન કહે,
> 'અમારે રહેવાનું ધામ એ અક્ષરધામ છે.
> એ અક્ષરધામ એટલે શું ?
> તો અમારારૂપ એવા ગુણાતીત સાધુ એ અક્ષરધામ છે અને
> એવા સાધુ દ્વારા અમે પ્રગટ હોઈશું !...'
> સ્વામિનારાયણ ભગવાનનું એ વરદાન
> સાકાર થઈ રહ્યું છે તે આપણે જોઈએ છીએ."





શ્રી ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠાના આ દિવ્ય મહોત્સવ દરમિયાન વારંવાર સંતભગવંત સાહેબજીનાં દાસત્વભક્તિનાં દર્શન થયાં. સાથે ઉપસ્થિત સંતોને આદર આપતા, નમીને પ્રણામ કરતા, જમતી વેળાએ ખાસ ધ્યાન રાખતા, સંતો-મહેમાનો આસન સજ્જ થાય ત્યારે અનુકૂળતા સાચવતા સંતભગવંત સાહેબજીની ગુણાતીતસ્થિતિનાં દર્શન સૌએ કર્યાં ને આશ્ચર્યમાં પડ્યા કે આવી મોટી સંસ્થાના પ્રાણપુરુષ ને આવો ઊંડો દાસત્વભાવ ! આ જ સાચા અર્થમાં યોગીવારસો સાચવી રાખ્યાનું દર્શન હતું ! તે જ દર્શન મહોત્સવની મુખ્ય સભામાં પણ સૌને થયું !

દિવ્ય વિશાળ મંચ પર ભવ્ય સુશોભિત મધ્યાસને સંતભગવંત સાહેબજી બિરાજે તેવો ભાવ સૌ સેવકોને હૈયે હતો ! પણ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી પધારે છે ત્યારે તે આસન સાહેબજી સ્વીકારે તે અશક્ય હતું ! બન્યું પણ એવું જ ! સૌના આશ્ચર્ય વચ્ચે સાહેબજી સંતો-મહેમાનો સાથે એક હરોળમાં બિરાજ્યા અને સ્વરૂપોને મુખ્ય આસને પધરાવ્યાં ! ધન્ય ગુણાતીતભાવ ! ધન્ય સાધુતા !

પૂ. શાંતિદાદાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યાં ! પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી અને પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા.

પોતાની લાક્ષણિક શૈલીમાં જાણીતા કથાકાર પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા અને વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગોસ્વામી વ્રજરાજકુમાર મહોદયશ્રીએ સંતભગવંત સાહેબજી, અનુપમ મિશન અને ઉપાસના માહાત્મ્યની વાતો કરી સૌનાં દિલ જીતી લીધાં ! સતીશભાઈ ચતવાણીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને માહાત્મ્યમાં ગુલતાન કર્યાં !

'બુદ્ધિ પરની સરળતા છે સાહેબમાં. આવા સંતને આપણી પાસે કોઈ અપેક્ષા નથી ! આવા સંતના વચને જીવશો તો નિર્દોષબુદ્ધિ દૃઢ થશે ! સુખ, શાંતિ અને આનંદ સહજ થશે !' આવી અનુપમ આશિષ આપી પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ સૌને કૃતાર્થ કર્યાં !

આખાય મહોત્સવ દરમિયાન પૂ. અશ્વિનદાદાએ યુવાપેઢીને અદ્‌ભુત માર્ગદર્શન, પ્રેરણા અને બળ પૂરાં પાડ્યાં. કેટલાય દિવસો પૂર્વે મહોત્સવ સ્થળે પધારી તેઓએ સૌને હૂંફ અને પ્રેમ આપ્યાં ! પૂ. હર્ષદદાદા, પૂ. રમેશભાઈ ઝા, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. પિનાકીનભાઈ પણ તેઓ સાથે જોડાયા ! વળી, અમદાવાદ નિવાસી યુવાનેતા દિવ્યાંગભાઈને સાહેબજીએ આખાય મહોત્સવની જવાબદારી સોંપી ! તેમના ભક્તિસભર જીવનનાં સહજ દર્શનની અનુભૂતિથી સૌ કોઈને તેમની સાથે સેવામાં જોડાવાનું મન થાય. વડીલ હોય કે બાળક, સૌ કોઈ સેવાઓમાં હોંશે હોંશે ભાગ લે ને પાર પાડે ! તેમની સાથે ઘનશ્યામભાઈ, વીરેનભાઈ, હર્ષદભાઈ, યોગેશભાઈ, બ્રિજેશભાઈ, કલ્પેશભાઈ, ચેતનભાઈ, ધવલભાઈ, ગૌરાંગભાઈ, પ્રશાંતભાઈ આદિ યુવાનો, નરસીકાકા, ચુનીકાકા, ધનજીમામા, હેમેશભાઈ આદિ વડીલો, ઈલુબા, શ્રુતિબહેન, ચેતનાબહેન, સમીરાબહેન અને આખું બહેનોનું મંડળ જોડાયું અને સતત બે મહિનાની અથાક સેવાઓને પરિણામે મહોત્સવ સર્વ રીતે સફળ રહ્યો, ખરા અર્થમાં મહેકી ઊઠ્યો ! આખાય મહોત્સવ દરમિયાન સભાઓમાં સભાસંચાલનની સેવા ચેતનભાઈ વ્યાસે સુચારુપણે સંભાળી દિવ્ય ભક્તિ અદા કરી !

> 'બુદ્ધિ પરની સરળતા છે સાહેબમાં.
> આવા સંતને આપણી પાસે કોઈ અપેક્ષા નથી !
> આવા સંતના વચને જીવશો તો
> નિર્દોષબુદ્ધિ દૃઢ થશે !
> સુખ, શાંતિ અને આનંદ સહજ થશે !'


~ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી



વ્રતધારી સંત પૂ. રાજુભાઈનાં હૃદયવંદન સ્વીકારતા ગુરુહરિ સ્વામીશ્રી



વ્રતધારી સંત પૂ. વાસુભાઈની ભક્તિસુમન સ્વીકારતા ગુરુહરિ સ્વામીશ્રી



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ મહાસભામાં આશીર્દાન : સ્વામીશ્રી અધ્યાત્માનંદજી



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ મહાસભામાં પ્રાસંગિક પ્રબોધન : પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા



બ્રહ્મસ્વરૂપ અક્ષરવિહારીસ્વામીશ્રીને સેવાભાવ અર્પણ કરતા અતુલભાઈ લેખડિયા



મૂર્તિપ્રતિષ્ઠા મહાપર્વે મહાસભામાં સ્વાગતોક્તિ : સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ મહાસભામાં સદ્‌ગુરુ સંત બહેનો, અક્ષરમુક્તો



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ મહાસભામાં સંત ભાઈઓ, અક્ષરમુક્તો, ઉદ્‌ઘોષક ચેતન વ્યાસ





વ્રતધારી સંત પૂ. હરેશભાઈ તથા અક્ષરમુક્ત કાનજીબાપાની ભક્તિવંદના સ્વીકારતા વૈષ્ણવાચાર્યશ્રી



દિવ્ય સંતોનાં દિવ્ય મિલનનાં દિવ્ય દર્શન



ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એમ. એન. પટેલનાં સન્માન




આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલનાં સન્માન



પ.પૂ. દિનકરભાઈને સન્માન અર્પણ કરતા નરસીદાસ



સદ્‌ગુરુ સંત પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજીને મહોત્સવ સ્મૃતિઅર્પણ



મૂર્તિપ્રતિષ્ઠા મહાપર્વ માહાત્મ્યદર્શન : સતીશભાઈ ચતવાણી



વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજીમહારાજના દૂત પૂ. શાસ્ત્રીજી દ્વારા સ્મૃતિસન્માન અર્પણ